# કંપની સમાચાર

## માન ઈન્ડસ્ટ્રીઝે સૌથી ઉંચો નફો નોંધાવ્યો

માન ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) લિમિટેડ, મોટા ડાયામીટરની પાઈપ ઉત્પાદકે ૩૧ માર્ચ ૨૦૧૧માં પૂરા થયેલા વર્ષાન્ત માટે રૂ.૯૧.૯૬ કરોડનો સૌથી ઉંચો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. તે સાથે તેણે ગત વર્ષના સમાન ગાળાના રૂ.૬૭.૦૯ કરોડ સામે ૩૭.૦૭ ટકાનો વધારો નોંધાવ્યો છે. કંપનીએ તેના શેરધારકો માટે ૪૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરી છે, જે ગત વર્ષના સમાનગાળામાં ૩૫ ટકા હતું. કંપનીએ રૂ.૧૬૩૧.૪૩ કરોડનું કુલ ટર્નઓવર નોંધાવ્યું છે, જે ગત વર્ષના સમાનગાળાના રૂ.૧૫૨૪.૨૯ કરોડના ટર્નઓવર સામે ૯.૪૫ ટકા વધારો દર્શાવે છે. કંપનીએ આગલા વર્ષની તુલનાએ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે સારી કામગીરીને જાળવી રાખી છે. દેશભરમાં ઈન્ડસ્ટ્રી અને ઈકોનોમીાં આવેલા પડકારો ઝીલીને પણ કંપનીએ પોતાની કામગીરી જાળવી રાખી છે. કંપનીની ૨૩મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતી વખતે માન ઈન્ડસ્ટ્રીસ (ઈન્ડિયા) લિ.ના ચેરમેન શ્રી આર.સી.મનસુખાનીએ કહયું કે, કંપનીએ તની ક્ષમતા પૂરવાર કરી છે અને સરેરાશ ઈન્ડસ્ટ્રી અને દેશમાં આવેલા આર્થિક પડકારો સામે ટકી રહીને પોતાની મજબૂતાઈનો પરચો આપ્યો છે. કંપની આવનારા આગામી સમ્યમાં ઓર્ડરની વૃધ્ધિ જોઈ રહી છે. અમે રૂ.૧૫૦૦ કરોડની મજબૂત ઓર્ડર બૂકની સ્થિતિ જોઈ રહયા છીએ. કંપની ઘર આંગણે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઘણા પ્રોજેક્ટ માટે બીડ મૂકી રહી છે. અમને વિશ્વાસ છે કે અમે ચોક્કસ ન્વા ઓર્ડરો મેળવીશું. એજીએમાં કંપનીના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર તરીકે શ્રી જે.સી.મનસુખાનીની પુનઃનિમણૂકને મંજૂરી આપવામાં આવી છે. આ પુનઃનિમણૂકી ૨૩ નવેમ્બર, ૨૦૧૧ના રોજથી અમલ્માં મૂકાશે. તે ઉપરાંત શ્રી નિખિલ મનસુખાનીની વધારાના ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કંપનીએ તેના શેરધારકોને કંપનીના એકિઝક્યુટીવ ડિરેક્ટર શ્રી જે એલ મનસુખાનીનું ૩૧ ઓક્ટોબર, ૨૦૧૧ના રોજ નિધન થયું હોવાની જાણ કરી હતી. કંપનીએ શેરધારકો પાસેથી એફસીબીના રિડમ્પશન માટે ભંડોળ એકત્ર કરવાની મંજૂરી મેળવી હતી. એફસીબીનું રિડમ્પશન ૨૩ મે, ૨૦૧૨ના રોજ થશે.